☎ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૨/૨૧-૨૨/ 2147 તારીખ : 23 JUL 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૦૨/૨૧-૨૨

પ્રતિ,
**પઠાણ ફીદાહુસૈન રઝાહુસૈન,**
**મું.મુસ્કાન ફલેટ, બ્લોક નં-૪,**
**ફાતેમા સોસાયટી પાસે, ઉમણીયાવદર રોડ,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર**
**મો.નં. ૮૧૫૪૦ ૧૩૨૮૬.**

**વિષય : ઘર વપરાશ માટેનું નવું વિજ કનેકશન ન મળવા બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૬/૦૩/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૧/૦૩/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૨/૨૧-૨૨/૧૧૭૦ તા.૦૩/૦૪/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૨/૨૧-૨૨/૧૯૭૭ તા.૦૨/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૬/૦૭/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર** પેટા વિભાગીય કચેરી, **મહુવા.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૦૨/૨૧–૨૨</u> ☜

વાદી :– પઠાણ ફીદાહુસૈન રઝાહુસૈન,

◈ વિરૂઘ્ઘ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ <u>રજુઆતની તારીખ:– તા.૧૬/૦૭/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– પઠાણ ફીદાહુસૈન રઝાહુસૈન (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એમ.કે.ભીંગરાડીયા,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

પઠાણ ફીદાહુસૈન રઝાહુસૈન, મું.મહુવા, જી.ભાવનગર ની ઘર વપરાશ માટેનું નવું વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૨/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૨/૨૧–૨૨/૧૧૭૦ તા.૦૩/૦૪/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૬/૦૭/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે પઠાણ ફીદાહુસૈન રઝાહુસૈન હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.કે.ભીંગરાડીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદીશ્રી પઠાણ ફીદાહુસૈન રઝાહુસૈન ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના મહુવા શહેરમાં અમારા પિતાજી રઝાહુસૈન અબ્દુલશા પઠાણ ને રૂ.૫૦/– માં સરકારશ્રી દ્વારા મફત પ્લોટ મળેલ હતો. તેમાં કાચુ ગારા નું મકાન હતું. તેમાં ગુજરાત વિદ્યુત બોર્ડ માંથી ઘર વપરાશનું વિજ કનેકશન મેળવેલ હતું. ત્યારબાદ, મારા પિતાજી એ તે મકાન અન્ય ને વહેંચી દીધેલ અને તેને આજે ૪૦ વર્ષ આસપાસ સમય થઈ ગયેલ છે અને પછી મારા પિતાજી એ અન્ય જગ્યા પર બીજું મકાન ખરીદેલ છે. અને ત્યાં વિજ કનેકશન મેળવેલ હતું અને અમો સાથે રહેતા હતા.

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievance Redressal Forum

૧.૨ મારા પિતાજી એ જે મકાન ૪૦ વર્ષ આસપાસ વહેંચાણ થી આપી દીધેલ છે તે મકાનમાં ત્રણ પાર્ટી ઉતરોતર બદલાયેલ છે. અને છેલ્લે જેને મકાન ખરીદેલ છે તેઓ વિજ બિલ નહી ભરવાથી વિજ કનેકશન કપાઈ ગયેલ હતું.

૧.૩ જે જગ્યાએ વિજ કનેકશન કપાઈ જવાથી બિલ ના નાણાં બાકી છે તે જગ્યાએ તેણે નવું વિજ જોડાણ ની માંગણી કરેલ અને કંપની ના નિયમો મુજબ ચાર્જ ભરી નવું કનેકશન મેળવેલ તેના બિલ ની કોપી આ સાથે જોડેલ છે.

૧.૪ કંપનીનો નિયમ છે કે, જે જગ્યાએ વિજ બિલ ના નાણાં બાકી હોય ત્યાં નવું કનેકશન નું જોડાણ આપવું નહી. છતાંપણ કોઈની બેદરકારીથી અહીયા વિજ જોડાણ આપવામાં આવેલ છે.

૧.૫ ૨૦૧૨ માં માફી યોજના બહાર પડેલ ત્યારે, કેમ કચેરી દ્વારા આ ગ્રાહકને જાણ કરેલ નથી.તેમજ ફરીથી ૨૦૧૯ માં માફી યોજના ફરી બહાર પડેલ કે ફકત રૂ.૫૦૦/– ભરવાથી તમામ નાણાં બાકી હોય, તે માફ થતા હોય, ત્યારે પણ આ ગ્રાહકને જાણ કરેલ નથી.

૧.૬ ગવર્નમેન્ટ ગેઝેટમાં લખેલ છે ૨ વર્ષ બાદ બાકી નાણાં લેવાનો નિયમ નથી. આ સાથે તે નિયમના પાનાની કોપી જોડેલ છે.

૧.૭ મારા પિતાજીનું અવસાન થયેલ છે. છતાં, કંપની ના કર્મચારીએ તેઓ ઉપર કેસ કરેલ છે. કઈ સાલના નાણાં બાકી છે અને અમો છ ભાઈઓ છીએ દરેક ના નામે વિજ કનેકશન ચાલે છે જે મકાન મારા પિતાજીએ વહેંચાણ થી આપી દીધેલ છે જેને ૪૦ વર્ષ આસપાસ સમય થયેલ છે. તેઓના નામે નવું વિજ કનેકશન કઈ રીતે આપેલ છે ? એ ખબર પડતી નથી.

૧.૮ હાલ મેં મારા પત્નિ ના નામે વિજ કનેકશન મેળવવા A-1 ફોર્મ ભરીને આપેલ છે. તો એક મહિના સુધી રજીસ્ટ્રેશન ના નાણાં લીધેલ નહી અને ઓફીસ પાસે A-1 ફોર્મ રાખેલ. જેથી હું કચેરીમાં ગયેલ અને કહેલ કે, કોઈ સર્વે કરવા આવેલ નથી તો, ત્યારે મને ઓફીસ દ્વારા જણાવવામાં આવેલ છે કે, તમારા પિતાજી ના નામે રૂપિયા બાકી બોલે છે તે ભરો પછી ફોર્મ સ્વીકારવામાં આવશે તેમ કહી, A-1 ફોર્મ પરત આપવામાં આવેલ છે.

૧.૯ ગવર્નમેન્ટ ગેઝેટ નો ઝીણવટી અભ્યાસ કરી, મારૂં A-1 ફોર્મ સ્વીકારી રજીસ્ટ્રેશન ચાર્જ લઈ મને વિજ કનેકશન આપવા હુકમ કરવા તથા બેદરકાર કર્મચારી ઉપર કંપની ના નિયમ મુજબ પગલા લેવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર નું નામ : શ્રી ફિદાહુસૈન રઝાહુસૈન પઠાણ

અરજદાર ના પિતાનું નામ : રઝાકહુસૈન અબ્દુલભાઈ

ગ્રાહક નં : ૭૧૦૪/૦૦૨૭૦/૭

કેટેગરી : RGPU

રીલીઝ તારીખ : ૩૧/૫/૨૦૦૫

પીડીસી તારીખ : ૩૦/૪/૨૦૦૨

૨.૨ અરજદારશ્રી ફીદાહુસૈન રઝાહુસૈન પઠાણ, મુસ્કાન ફ્લેટ, બ્લોક નં–૪, ફાતેમા સોસાયટી પાસે, ઉમણીયા વદર રોડ, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવે છે.

૨.૩ વાદી શ્રી ફીદાહુસૈન રઝાહુસૈન પઠાણ દ્વારા મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી માં તેમના પત્નિ ના નામે નવું વિજ કનેકશન મેળવવા માટે A-1 ફોર્મ રજૂ કરેલ. સદર A-1 ફોર્મ ચેક કરતા, વાદીના પિતાજી રઝાહુસૈન અબ્દુલભાઈ જેનો વિજ ગ્રાહક નં–૩૭૧૦૪/૦૦૨૭૦/૭ માં બાકી લેણી રકમ લેઝર મુજબ રૂા.૯૧૫૦/૬૦ છે.

૨.૪ વાદીશ્રી તેમની અરજીમાં જણાવેલ છે કે, તેમના પિતાજી રઝાહુસૈન અબ્દુલશા પઠાણ ને રૂા.૫૦/– માં સરકાર શ્રી દ્વારા મફ્ત પ્લોટ મળેલ હતો. તેમાં કાચુ ગારાનું મકાન હતું. તેમાં ગુજરાત વિધુત બોર્ડ માંથી ઘર વપરાશનું વિજ કનેકશન મેળવેલ હતું. ત્યારબાદ, વાદીના પિતાજીએ તે મકાન અન્ય ને વહેંચી દીધેલ અને તેને આજે ૪૦ વર્ષ આસપાસ સમય થઈ ગયેલ છે. અને પછી વાદીના પિતાજીએ અન્ય જગ્યા પર બીજું મકાન ખરીદેલ છે અને ત્યાં વિજ કનેકશન મેળવેલ હતું અને અમો સાથે રહેતા હતા. સમય જતા, બધા ભાઈઓએ અલગ જમીન ખરીદી કરેલ છે. અને વિજ કનેકશન પણ મેળવેલ છે. તેમ તેઓ તેમની અરજીમાં જણાવેલ છે.

૨.૫ વાદીના પિતાજીના સદર વિજ કનેકશન સરનામું કુંભારવાડા,ભવાનીચોક લખાય છે, જેમાં પ્લોટ નંબર દર્શાવેલ નથી. વાદી તેમજ તેમના ભાઈઓ સદર વિજ કનેકશનમાં પ્લોટ નંબર દર્શાવેલ હોત તો, સદર કનેકશન ત્યાં અટકાવી શકયા હોત.

૨.૬ વાદીના પિતાજીએ જે મકાન ૪૦ વર્ષ આસપાસ વહેંચાણ થી આપી દીધેલ છે તે, મકાન ત્રણ પાર્ટીઓ ઉતરોતર બદલાયેલ છે અને છેલ્લે જેણે ખરીદેલ છે તેઓએ, વિજ બિલ નહી ભરવાથી વિજ કનેકશન કપાઈ ગયેલ હતું. સદર જગ્યા પર વાદીના પિતાજીએ નામ ટ્રાન્સફર કરાવેલ નથી.

૨.૭ તેમજ વાદી તેમની અરજીમાં જણાવે છે કે, લેણી નીકળતી જગ્યા પર નવું વિજ કનેકશન આપેલ છે. જે વાત સદંતર ખોટી છે. વાદીએ જોડેલ સદર બિલ ની કોપી માં શ્રી ભરતભાઈ વાલાભાઈ ગુજરીયા દ્વારા અત્રેની કચેરી ને નામ ટ્રાન્સફર કરાવેલ છે. અને સદર જગ્યા શ્રી ભરતભાઈ વાલાભાઈ ગુજરીયા (૩૭૧૦૪/૦૦૨૬૯/૩) પ્લોટ નં–૧૦૯ એ વાદીના ભાઈ દિલાવરહુસૈન રઝાહુસૈન પઠાણ(હયાત નથી) પાસેથી વેંચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ છે. સદર વેંચાણ દસ્તાવેજ ની કેપી આ સાથે સામેલ છે.

૨.૮ વાદીની અરજી મુજબ ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ માફી યોજના ૨૦૧૨ તેમજ ૨૦૧૯ થી જાણ અમોને કરવામાં આવેલ નથી જે બાબતે મહુવા ટાઉન કચેરી દ્વારા વાદીના પિતાજી ના નામે (રઝાકહુસૈન અબ્દુલભાઈ) પત્ર નં–૨૫૯૦ તા.૨૫/૫/૨૦૧૮ થી માફી યોજના ૨૦૧૭ નો લાભ લેવા અંગેની નોટીસ આપેલ છે. સદર પત્ર ની કોપી આ સાથે સામેલ છે. તેમજ મહુવા ટાઉન સબ ડિવિઝન ના સી.આસી.(લીગલ) દ્વારા વાદીના મોટાભાઈ યુનુસભાઈ રઝાહુસૈન પઠાણ ના પુત્ર મુખ્તારભાઈ યુનુસભાઈ નો સદર માફી યોજના નો લાભ લેવા માટે પણ સંપર્ક કરેલ હતો.

૨.૯ વાદી તેમની અરજીમાં જણાવે છે કે, ગવર્નમેન્ટ ગેઝેટ માં લખેલ છે કે, બે વર્ષ બાદ બાકી લેણા નો નિયમ નથી જે બાબતે જણાવવાનું કે, ગેઝેટમાં દર્શાવેલ છે કે, કોઈપણ ગ્રાહક ચૂકવણીમાં કસૂરને કારણે બાકી નીકળતી રકમ, આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૨ વર્ષ ની મુદત પછી વસુલાત પાત્ર થશે નહી. સિવાય કે, આવી રકમ અધિનિયમ ની કલમ–૫૬ અનુસાર પૂરી પાડેલી વિજળી માટે ખર્ચ ની બાકી રકમ તરીકે સતત દર્શાવવા માં આવી હોય એટલે કે, વિજ બિલ ની બાકી નીકળતી રકમ કે જે તમને વિજળી પૂરી પાડેલ હોય, અને આપના

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

દ્વારા પૂરી પાડેલ વિજળી ની રકમ ભરપાઈ ન કરેલ હોય તો, તે રકમ વસુલવા પાત્ર છે.

૨.૧૦ વાદીના પિતાજી નું અવસાન થયેલ છે, હાલ અત્રેની કચેરી ના લેઝર માં તેમના નામે રકમ બાકી નીકળે છે. તેમના નામે હાલ કોઈ લીગલ કેસ ચાલતો નથી.

૨.૧૧ વાદીના છ ભાઈઓના વિજ કનેકશન આપતી વખતે તેઓ દ્વારા તેમના પિતાજી ના વિજ કનેકશન ની બાકી નીકળતી રકમ અંગે સ્વીકાર કરેલ નહી અને કંપની ના કર્મચારીને ગેરમાર્ગે દોરીને સદર કનેકશન મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ હોય, તેમ બની શકે.

૨.૧૨ હાલમાં, વાદી તેની પત્નિ ના નામે વિજ કનેકશન માંગેલ છે. જે અંગે વાદીના પિતાશ્રીના નામે લેણું બાકી હોય, જેથી સદર વિજ કનેકશન આપી શકાય નહી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી પઠાણ ફીદાહુસૈન રઝાહુસૈન,ગામ–મહુવા ના રહેવાસી છે. વાદીએ તેના ઘર માટે વિજ જોડાણ ની અરજી તેમના પત્નિ અશરફબેન ફીદાહુસૈન પઠાણ ના નામની અરજી પ્રતિવાદી ની કચેરીમાં નોંધણી કરાવવા માટે ગયેલ પરંતુ, પ્રતિવાદીએ તે સ્વીકારેલ નહી.

૩.૨ પ્રતિવાદી ની રજૂઆત મુજબ વાદી અરજદાર પઠાણ ફીદાહુસૈન ના પિતા રઝાહુસૈન અબ્દુલશા પઠાણ, ગ્રાહક નં – ૩૭૧૦૪/૦૦૨૭૦/૭ થી વિજ જોડાણ ધરાવતા હતા.જે કાયમી ધોરણે રદ થઈ ગયેલ અને તેની રકમ રૂા.૯૧૫૦/૬૦ પૈસા બાકી હતી. તેથી વાદી અરજદારે માંગેલ વિજ જોડાણ ની અરજી સ્વીકારેલ નહી.

૩.૩ પ્રતિવાદી એ વાદી ના પિતા રઝાહુસૈન પઠાણ ને કયારે વિજ જોડાણ આપવામાં આવેલ, કયારે કનેકશન રદ થયેલ અને શા કારણોસર રદ થયેલ તેને સંબંધિત કોઈપણ વિગત કે આધારભૂત રેકર્ડ રજૂ કરેલ નથી. જયારે, વાદીના જણાવ્યા મુજબ તેના પિતાના વિજ જોડાણ ને રદ થયાને આશરે ૪૦ વર્ષ થયા છે.

૩.૪ વાદીએ તેઓના પિતાશ્રી ના વિજ જોડાણ ની જગ્યા એ નવું વિજ જોડાણ માંગેલ નથી. તેમજ વાદીએ માંગેલ વિજ જોડાણ તેના પત્નિ અશરફબેન ફીદાહુસૈન ના નામનું માંગેલ છે અને તે માટે અરજી કરવા માંગે છે.

૩.૫ સપ્લાય કોડ–૪/૨૦૧૫ ના સેકશન નં–૪.૩૦ મુજબ વાદી અરજદારે તેના પિતાશ્રી ની જે સ્થળે બાકી રકમ છે તે સ્થળે કનેકશન માંગેલ નથી. તેમજ પ્રતિવાદીની બાકી નીકળતી લ્હેણી રકમ વાદીના પિતાશ્રી રઝાહુસૈન સામે ની છે. જયારે કે વાદીએ વિજ જોડાણ અશરફબેન ના નામનું માંગેલ છે. આથી, વાદીએ માંગેલ વિજ જોડાણ ને પ્રતિવાદી ના પાડી શકે નહી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " પ્રતિવાદીએ વાદીએ માંગેલ વિજ જોડાણ ની અરજી સ્વીકારી નિયમ મુજબ કાર્યવાહી કરવી."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ.આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– **૧૬/૦૭/૨૦૨૧.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.